PennState Health
Rehabilitation Hospital

# નાણાંકીય સહાય નીતિનો સરળ ભાષામાં સારાંશ

Penn State Health Rehabilitation Hospital ચુકવણી કરવામાં અસમર્થ હોય તેવા દર્દીઓને તબીબીરૂપે જરૂરી કાળજી માટે નાણાંકીય સહાય પૂરી પાડે છે. નિમ્નલિખિત એ Penn State Health Rehabilitation Hospital ખાતે ઉપલબ્ધ નાણાંકીય સહાયનો એક સારાંશ છે.

<u>રજૂ કરાતી નાણાંકીય સહાય</u>. તબીબીરૂપે જરૂરી સેવાઓ માટે નાણાંકીય સહાય પારિવારિક આવક, પરિવારના સભ્યોની સંખ્યા અને અસ્ક્યામતો પર આધાર રાખે છે. પાત્ર હોય તેવી કાળજીમાં મેડિકેર દ્વારા વ્યાખ્યાયિત તબીબીરૂપે જરૂરી સેવાઓનો સમાવેશ થાય છે (માંદગી અથવા ઇજાના નિદાન અથવા સારવાર માટે વાજબી અને જરૂરી સેવાઓ અને વસ્તુઓ).

જો તમારી પારિવારિક આવક ફેડરલ ગરીબી આવક માર્ગદર્શિકાના 300% કરતાં વધતી ન હોય તો તમને વિના મૂલ્યે કાળજી પ્રાપ્ત થશે, અથવા વીમા પ્રદાતા દ્વારા ચુકવણી થયા પછી દર્દીની જવાબદારીમાંથી 100% કપાત મળશે. તમામ અરજદારોને Medicaid (મેડિકેઇડ) હેઠળ આવરાયા હોવા અંગે ચકાસવામાં આવશે અને નાણાંકીય સહાય માટે ધ્યાને લેવાય તે માટે મેડિકેઇડ પ્રતિનિધિઓને સહકાર આપવો અનિવાર્ય રહેશે.

<u>પાત્ર થવા માટેના વધારાના માર્ગો</u>. જો તમે ઉપર જણાવેલ આવક માનદંડોને પૂરાં ન કરતા હોવ, તો તમારી વીમાની સ્થિતિથી અસંબંધ્દ, તમને નાણાંકીય સહાય માટે કિસ્સા દર કિસ્સાના ધોરણે ધ્યાન પર લેવામાં આવશે. અસાધારણ વ્યક્તિગત અને નાણાંકીય સંજોગોની ચર્ચા કરવા, અથવા એવા વિશેષ તબીબી સંજોગો કે જ્યાં સારવાર માત્ર Penn State Health Rehabilitation Hospitalના તબીબી કર્મચારી દ્વારા જ પૂરી પાડી શકાય તેમ હોય તો અમારો સંપર્ક કરશો.

<u>તમને ક્યા ખર્ચ લાગુ કરાશે</u>. જો તમને અમારી નીતિ હેઠળ નાણાંકીય સહાય પ્રાપ્ત થાય, તો તમને તબીબીરૂપે જરૂરી સંભાળ માટે અમે સામાન્યપણે મેડિકેર હેઠળ આવરાયેલા દર્દીઓને જે રકમનું બિલ લાગુ કરતાં હોઈએ છે તેના કરતા વધુ રકમ લાગુ કરવામાં નહિ આવે.

<u>અમારી નીતિ અને અરજીની નકલો કેવી રીતે મેળવવી</u>. તમે અમારી સંપૂર્ણ નાણાંકીય સહાય નીતિ, સરળ ભાષામાં સારાંશ અને અરજીપત્રકની નકલ, નીચેનામાંથી કોઇપણ રીતે વિના મૂલ્યે મેળવી શકો છો: (1) Penn State Health Rehabilitation Hospital વેબસાઇટ www.psh-rehab.com પર, (2) અમારા પ્રવેશ વિભાગમાં અથવા (3) અમારી Central Business Office (સેન્ટ્રલ બિઝનેસ ઑફિસ)ને (888)868-1103 પર કૉલ કરીને.

<u>કેવી રીતે અરજી કરવી અને સહાય મેળવવી</u>. તમે પ્રવેશ અથવા બિલિંગ પ્રક્રિયા દરમ્યાન કોઇપણ તબક્કે એક અરજીપત્રક ભરી અને સુપ્રત કરી તથા આવકની માહિતી પૂરી પાડીને અરજી કરી શકો છો. નાણાંકીય સહાયની તમામ અરજીઓ, તે પછી જાતે આવીને ભરી હોય, ઓનલાઇન ભરી હોય, પહોંચાડાઈ હોય અથવા ટપાલમાં મોકલાઈ હોય, તે મૂલ્યાંકન અને પ્રક્રિયા કરવા માટે સેન્ટ્રલ બિઝનેસ ઑફિસને રવાના કરવામાં આવશે. જો તમને અરજી કરવા અંગે કોઈ મદદની જરૂર હોય, તો કૃપા કરીને સુવિધા ખાતે અમારા પ્રવેશ વિભાગનો સંપર્ક કરશો અથવા અમારી સેન્ટ્રલ બિઝનેઝ ઑફિસને (888)868-1103 પર કૉલ કરશો.